# ડીસાની આદર્શ હાઈસ્કૂલમાં કોપીઓ કરાવતા ઈસમો

ડીસા, તા. ૧૫

ડીસા શહેરમાં નવા બસસ્ટેશન રોડ પર આવેલ આદર્શ હાઈસ્કૂલમાં ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષાઓ ચાલી રહી છે પરંતુ કેટલાક તત્વો દ્વારા વિદ્યાર્થીઓને કાપલીઓ આપવામાં આવી રહી છે. મેઈન રોડ પર આવેલ પરીક્ષા ખંડોમાં જાહેરમાં જ વિદ્યાર્થીઓને ચોરી કરાવવાનો પ્રયાસ શિક્ષણ ક્ષેત્રે ચાલતી લાલીયાવાડી લોકોમાં ચર્ચાનો વિષય બની હતી.

ડીસા શહેરમાં છેલ્લા કેટલાય દિવસોથી બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે ત્યારે શહેરના બસસ્ટેન્ડ રોડ પર આવેલ આદર્શ હાઈસ્કૂલમાં કેટલાક ઈસમો દ્વારા વિદ્યાર્થીઓને કોપીઓ કરાવવામાં આવે છે. કેટલાક દિવસો પહેલા એક ઈસમ શાળા નજીક આવેલ ઝાડ પર ચડી કાપલી ફેંકતો લોકોએ જોયો હતો જ્યારે આજે પણ કેટલાક ઈસમો બારીમાંથી કાપલીઓ ફેંકતા નજરે પડ્યા હતા. વિદ્યાર્થીઓને ચોરી કરાવતા ઈસમો પરીક્ષા કેન્દ્ર પાસે સવારથી લઈ સાંજ સુધી આંટા મારતા હોય છે. જો કે આમ કૃત્ય આ ઈસમો પર કોઈ સ્કવોર્ડ કે સુપરવાઈઝરોની નજર સુદ્ધા પડતી નથી ત્યારે પરીક્ષામાં ચેકીંગ કરવા માટે આવતા અધિકારીઓ અને દેખરેખ રાખનાર શિક્ષકો પણ ચર્ચાનો વિષય બની રહે છે.

# હરસોલ ગામની ખરાબાની જમીન પરત મેળવવા ગ્રામજનોએ કોર્ટમાં ફરિયાદ કરી

તાજપુરકેમ્પ, તા. ૧૫

તલોદ તાલુકાના હરસોલ ગામની ખરાબાની જમીન લીઝ ધારકોને તંત્રએ ફાળવી દીધી છે ત્યારે તે જમીનને પરત મેળવવા માટે ગ્રામજનો દ્વારા ફરિયાદ દાખલ કરી ન્યાયની માંગણી કરી છે.

હરસોલ ગ્રામ પંચાયતના સર્વે નં. ૧૫૩ની જમીન ખરાબાની છે. આ જમીનમાં સરકારી ચેકડેમ અને લોકઉપયોગી તળાવ પણ બનાવેલું હતું. આ ખરાબાની જમીન ઉપર લીઝ ઝારકોએ લીઝની માંગણી કરી હતી. તંત્રના સરકારી અધિકારીઓની અને લીઝ માલિકોની મિલિ ભગતથી ખોટા દસ્તાવેજ ઉભા કરી લીઝ ફાળવી દીધી હતી. લીઝ માલિકોએ રાજકીય વગ વાપરીને જમીન પર કબ્જો જમાવી મોટી ખાણો પાડી છે. બ્લાસ્ટ કરી જમીન હચમચાવી દીધી છે. આસપાસના ખેડૂતોના કુવાના પાણી અદશ્ય થઈ ગયા છે. તેમજ ખેતીના પાક પણ નિષ્ફળ નીવડ્યા છે. ખરાબાની જમીન નષ્ટ થવાથી પશુ-પક્ષીને પણ પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આથી ગામના અગ્રણી કાળાભાઈ અને સરપંચ હર્ષદભાઈએ હિંમતનગર કોર્ટમાં ખરાબાની જમીન પાછી મેળવવા કેસ દાખલ કર્યો છે. વધુમાં જાણવા મળ્યા મુજબ લીઝધારકોને સરકારી તંત્રના અધિકારીઓએ ખરાબાની જમીનમાં લીઝની પરવાનગી આપી હતી. તેમાં ખોટા પુરાવા, ખોટુ પંચનામુ અને ખોટા નકશા બધુ જ ખોટું સાબિત થયેલ છે. આ બાબતે હાલ હિંમતનગર કોર્ટની મુદતોમાં સરપંચ હર્ષદભાઈ ગ્રામજનોને ન્યાય અપાવા માટે ધક્કા ખાઈ રહ્યા છે.

# ડીસાના તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા ચલાવાતું ડમી પટાવાળા કૌભાંડ ઝડપાયું : આરોગ્યતંત્રમાં ખળભળાટ

## ઘણા વર્ષોથી મંદબુદ્ધિ પટાવાળાની જગ્યાએ ડમી પટાવાળો કામ કરતો હતો

ડીસા, તા. ૧૫

ડીસાના તાલુકા હેલ્થ કચેરીના તાલુકા હેલ્થ અધિકારીની બેદરકારી અને બોગસ તબીબોને પોષણ આપવાની વૃત્તિએ છ માસ અગાઉ દામા ગામે બોગસ તબીબની સારવારે દલિત યુવકનું મોત થયું હતું અને આ સમગ્ર મામલો ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થતાં રાજ્ય માનવ અધિકાર માનવ અધિકાર પંચે ન્યાયીક તપાસ હાથ ધરી છે ત્યારે વિવાદિત ટી.એચ.ઓ. દ્વારા ડમી પટાવાળો રાખી ખોટુ સરકારી રેકર્ડ બનાવી, સરકારની તિજોરીમાંથી પટાવાળાને ગુન્હાહિત રીતે પગાર ચૂકવણીનો નવો મામલો બહાર આવતા આરોગ્યતંત્રમાં ભારે દોડધામ મચી છે અને જિલ્લા આરોગ્ય અધિકારી અરૂણ આચાર્ય આ મામલાની તપાસ હાથ ધરેલ છે.

ઓનરેકર્ડ બહાર આવેલા ડમી પટાવાળા કૌભાંડની મળેલી વિગતો જોતા સૂન્ય બજેટ ધરાવતી ડીસા તાલુકા હેલ્થ કચેરીમાં જૂના ડીસા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૪ તરીકે કામ કરતા પટાવાળા મકસૂદ સીન્ધીની થોડા વર્ષો પહેલાથી ડીસા તાલુકા હેલ્થ કચેરી



ખાતે નોકરી લેવાની હતી અને તે મુજબ જૂના ડીસા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો પટાવાળો સરકારી રેકર્ડ પર ડીસા તાલુકા હેલ્થ કચેરી ખાતે પટાવાળા તરીકે કામ કરતો હતો. આ પટાવાળાની જગ્યાએ શરૂઆતથી જ ડમી પટાવાળો ગોઠવાયો હતો અને કોઈ અંગત લાભ ખાતર જૂનાડીસા મેડીકલ ઓફિસર અને ડીસા તાલુકા હેલ્થ ઓફિસર મહેશ જીવરાણી બંધુ જાણતા હોવા છતાં આ ડમી પટાવાળા પ્રકાશ ઉર્ફે મકસૂદને નિભાવતા હતા અને પગાર પણ ચૂકવાતા હતા. જો કે ડીસાની ખાનગી ચેનલના સ્ટ્રોંગ ઓપરેશનમાં નકલી પટાવાળાનો પ્રકાશ ડીસા તાલુકા હેલ્થ કચેરીમાં રંગેહાથ ઝડપાઈ જતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો અને ડમી પટાવાળા એટીએચઓ જીવરાણીએ તેને રૂ. ૩૫૦૦ માસિક પગારથી નોકરીમાં રાખેલ હોવાનું કબુલ્યુ હતું. આમ સરકાર સાથે વર્ગ ૪ના પટાવાળાની નોકરી બાબતે ડમી પટાવાળાને રાખી થતી છેતરપીંડીનો મામલો બહાર આવ્યો હતો. આ સમગ્ર બનાવમાં ડીસાના તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. કપુરજી જાટે સરકારી રેકર્ડ ખોટુ નિભાવી ગુન્હાહિત કૃત્ય કર્યું હતું. આ ઘટનાની જાણ થતા જિલ્લા આરોગ્ય અધિકારીએ ન્યાયીક તપાસ કરવાની ખાત્રી આપી હતી. ફોજદારી ગુના સમાન આ કૃત્યમાં રાજકીય વગથી ઢાંકપિછોડ કરવાના પ્રયાસો હાથ ધરાયેલ હોઈ રાજ્યના આરોગ્ય મંત્રી આ સમગ્ર મામલાની તપાસ કરી દોષિતો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરે તેવી માંગ ઉઠવા પામી છે.

# પી.એમ. કરવાનું ના પાડતા તલોદ સિવિલના ડૉક્ટર અને સ્ટાફ સામે વ્યાપેલી રોષની લાગણી

તાજપુર કેમ્પ, તા. ૧૫

તલોદના તાજપુર કેમ્પ ગામે મેશ્વો નદીના પુલ પર ગતરોજ એક અજાણ્યા વાહને પાસીના મુવાડા ખાતે રહેતા યુવાનને ટક્કર મારતા યુવકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યા બાદ મૃતકને તલોદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો જ્યાં બે-બે દિવસ સુધી મૃકનું પી.એમ. ન કરવામાં આવતા તેના પરિવારજનો ભારે રોષે ભરાયા હતા અને હોસ્પિટલના જવાબદાર કર્મચારીઓ વિરૂદ્ધ કાર્યવાહી કરવા માંગણી કરી રહ્યા છે.

તાજપુર ગામે આવેલ નાની પાસીના મુવાડા ખાતે રહેતા ૪૦ વર્ષીય રમણસિંહ લાલસિંહ સોલંકી મોડીરાત્રે માર્ગ પરથી જઈ રહ્યા હતા. આ દરમિયાન પુરપાટ ઝડપે આવતા એક અજાણ્યા વાહને તેમને ટક્કર મારતાં રમણસિંહનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ કરૂણ મોત નિપજ્યું હતું. જે બાદ પોલીસને આ મામલે જાણ કરવામાં આવતા પોલીસ ઘટનાસ્થળે આવી અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો અને મૃતકના મૃતદેહને પી.એમ. અર્થે તલોદ તાલુકા સિવિલ હોસ્પિટલમાં તા. ૧૧ માર્ચ-૨૦૧૩ના રોજ રાત્રીના ૨ કલાકે મોકલી આપ્યો હતો, પરંતુ તબીબો અને આરોગ્ય કર્મીની બેદરકારીને કારણે આ મૃતકનો મૃતદેહ પી.એમ. થયા વગરનો જેમનો તેમ પડ્યો રહ્યો હતો અને જવાબદાર હોસ્પિટલ તંત્રના કર્મીઓએ બે દિવસ સુધી આ મામલે કોઈ જ ભાળ લીધી ન હતી. પરિવારજનોએ સિવિલ હોસ્પિટલના ડૉક્ટરને જાણ કરતા ડૉક્ટરે પટાવાળો બે દિવસની રજા પર ગયો છે તેમ કહી હાથ ખંખેરી નાખ્યા હતા. તમારી પાસે કોઈ પટાવાળા હોય તો લઈ આવો તેમ જણાવતા મૃતકના પરિવારજનો ભારે રોષે ભરાયા હતા અને બેદરકારી દાખવનારા ડૉક્ટર અને હોસ્પિટલના સ્ટાફ સામે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા કડક પગલા લેવામાં આવે તેવી માંગણી કરી રહ્યા છે.

## સુલતાનપુર દૂધ મંડળી દ્વારા દૂધ ઉત્પાદન અંગે વી.એમ.એસ. શિબિર યોજાઈ

તાજપુર કેમ્પ, તા. ૧૪

સુલતાનપુર દૂધ મંડળી અને સાબરકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘના સંયુક્ત ઉપક્રમે તલોદ તાલુકામા આવેલ હરસોલ માતાજીના મંદિરે ધ્યેય, નિર્ધાર અને કાર્ય શાળા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

તલોદના હરસોલ માતાજી મંદિર ખાતે આયોજીત આ શિબિરમાં હાજર રહેલા ૮૦ સભાસદોને સુલતાનપુર દૂધ મંડળીના ચેરમેન રાજેશભાઈ પટેલ અને વિષ્ણુભાઈ પટેલે દૂધ ઉત્પાદનમાં વધારો કઈ રીતે કરવો, સારી ઓલાદના પશુઓ પાળવા, ગુણવત્તાયુક્ત અને સ્વચ્છતાવાળુ દૂધ રાખવા અંગે જાગૃતા લાવવા માર્ગદર્શન અને માહિતી આપી હતી. અને મંડળીના મંત્રીએ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ઈશરત કેસ : ૯મી મે સુધી પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કરવા આદેશ

અમદાવાદ, તા. ૧૫

રાજ્ય સહિત સમગ્ર દેશમાં ચકચાર જગાવનાર ઈશરત જહાંન એન્કાઉન્ટર કેસમાં સીબીઆઈએ ગુરુવારે રજૂ કરેલાં પ્રોગ્રેસ રીપોર્ટ પર હાઈકોર્ટનાં જસ્ટીશ જયંત પટેલ અને જસ્ટીસ અભિલાષા કુમારીની ખંડપીઠે સંતોષ વ્યક્ત કર્યો છે. ૯મી મે સુધીમાં વધુ પ્રોગ્રેસ રીપોર્ટ રજૂ કરવા સીબીઆઈને આદેશ કર્યો છે.

ઈશરત જહૉન એન્કાઉન્ટર કેસ પ્રકરણમાં ગુજરાત હાઈકોર્ટે સીબીઆઈ તપાસનો આદેશ કર્યો હતો. સીબીઆઈએ તપાસ હાથ ધરી તરુણ બારોટ, જે. જી. પરમાર સહિત અન્યોની ધરપકડ કરી હતી. હાલ આ કેસમાં તપાસ ચાલી રહી હોવાના મતલબનો સીબીઆઈએ ગુરુવારે હાઈકોર્ટમાં સીલબંધ કવરમાં પ્રોગ્રેસ રીપોર્ટ રજૂ કર્યો હતો. સીબીઆઈએ રજૂ કરેલા રીપોર્ટથી હાઈકોર્ટે સંતોષ વ્યક્ત કર્યો છે. ૯મી મેએ કોગ્રેસ રીપોર્ટ રજૂ કરવા આદેશ જારી કર્યો છે.

ઈશરત જહૉન એન્કાઉન્ટર કેસમાં સીબીઆઈએ વધુ તપાસ કરવા અને સીટના સભ્ય સતિષ વર્માની સેવા ચાલુ રાખવા તાજેતરમાં હાઈકોર્ટમાં અરજી કરી હતી. આ મામલે હાઈકોર્ટે અત્યાર સુધી શું તપાસ કરી છે તેવા મતલબનો રીપોર્ટ રજૂ કરવા સીબીઆઈને આદેશ કર્યો હતો. હાઈકોર્ટના આદેશ બાદ સીબીઆઈએ ગુરુવારે હાઈકોર્ટમાં પ્રોગ્રેસ રીપોર્ટ રજૂ કર્યો હતો. તેના પર થયેલી સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે સંતોષ વ્યક્ત કર્યો હતો.

# અંબાજીના સ્ટોન આર્ટીઝન પાર્કમાં ટ્રેઈન્ડ થયેલા ઘણા યુવાનો મહિને ૮ થી ૧૦ હજાર રૂપિયા કમાય છે

## આરસ પથ્થરના મંદિરો અને કલાત્મક શો પીસનું માર્કેટ સારું છે

પાલનપુર, તા. ૧૪

ઓછું ભણેલા ગરીબ અને મધ્યમ વર્ગના યુવાનો આરસ પથ્થરની વિવિધ કલાત્મક વસ્તુઓ અને મકાનોના બાંધકામમાં ઉપયોગી આરસ પથ્થરની ટાઈલ્સ જેવી જરુરી વસ્તુઓ બનાવવાના કુશળ કારીગર બનીને સારી રોજગારી મેળવી શકે તે માટે પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે જીએમડીસી ગ્રાઉન્ડ પાસે ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૦માં સ્ટોન આર્ટીઝન પાર્ક બનાવવામાં આવ્યો છે. અહીં માર્બલ કામગીરીને લગતા વિવિધ કોર્સ ચાલે છે. જેમાં ધો-૧૦ પાસ વિદ્યાર્થીઓને એડમિશન મળે છે. ૪ મહિનાના કોર્સ પછી તે મહિને રૂ. ૩૫૦૦ થી ૧૦૦૦૦ સુધી અને ૧ વર્ષના કોર્સ પછી મહિને ૮-૧૦ હજારથી ૧૫ હજાર રૂપિયા સુધી આસાનીથી આવક મેળવી શકે છે. તાલીમાર્થીઓને તાલીમ દરમિયાન વિના મૂલ્યે રહેવા, જમવા યા ઉપરાંત



સ્ટાઈપેન્ડ પણ ચુકવવામાં આવે છે. તાલીમાર્થીના બેંક ખાતામાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં સ્ટાઈપેન્ડ જમા કરવામાં આવે છે.

રાજયમાંથી ઓછામાં ઓછું ધો-૧૦ પાસ વિદ્યાર્થી ૧૫ થી ૪૦ વર્ષની વ્યકિત, ડ્રોઈંગમાં સારું જ્ઞાન ધરાવતા યુવાનો, વંશપરંપરાગત કારીગરોના સંતાનોને અને અનુ. જાતિ-જન જાતિના ઉમેદવારોને એડમિશનમાં પ્રાથમિકતા આપવામાં આવે છે.



અહીં ટ્રેઈન્ડ તથા યુવાનોને શીખવવા સારા ટીચર તથા લેથ જેવી મશીનરી અને કોમ્પ્યુટર પણ ઉપલબ્ધ છે. ટ્રેઈન્ડ થયેલા કુશળ કારીગરોને રોજગારીની વિપુલ તકો ગુજરાત ઉપરાંત અન્ય રાજયોમાં પણ છે. આવી રોજગારી અપાવવામાં અહીંથી પુરતો સહયોગ આપવામાં આવે છે. ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશનરશ્રીની કચેરી દ્વારા સંચાલન કરવામાં આવે છે.

જીવનમાં કંઈક કરી બતાવવાનો ઉત્સાહ ધરાવતા અને ઉચું લક્ષ્ય રાખી મહેનત કરતા યુવાનોને સફળતા મેળવતાં કોઈ મુશ્કેલીઓ નડતી નથી. ધો-૧૦ પાસ પછી રોજગારની સારી તક મેળવવા અહીં સારા ચાન્સ છે. આરસ પથ્થરનાં મંદિરો અને વિવિધ કલાત્મક વસ્તુઓનું માર્કેટ સારું છે. મહેનત કરીને આગળ વધવાનો થનગનાટ ધરાવતા યુવાનોને માર્બલ કામમાં રસ હોય તો અહીં તેઓને સારી તક છે. આ માટે સંપર્ક કરો : નિયામકશ્રી, અંબાજી સ્ટોન આર્ટીઝન પાર્ક, જીઈબી સ્ટેશન પાસે, જીએમડીસી અંબાજી તા. દાંતા, જી. બનાસકાંઠા, ફોન-૦૨૭૪૯ ૨૬૪૦૫૦.

## હિંમતનગરમાં ખેડૂત વિરોધી કાયદાના વિરોધમાં આવેદનપત્ર આપ્યું

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જીલ્લા ના હિમતનગર ખાતે શુક્રવાર ના રોજ હિમતનગર તાલુકા ના કોંગ્રેસ ના ધારસભ્ય ની આગેવાની હેઠળ કોંગ્રેસ કાર્યકર્તાઓ એ મામલતદાર ને આવેદનપત્ર આપ્યું હતું

ગુજરાત ની ભાજપ સરકારે તાજેતર માં વિધાનસભા માં પસાર કરેલ ગુજરાત-સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક-૨૦૧૩ નામનો ખેડૂત વિરોધી કાળો કાયદો રદ કરવા માટે શુક્રવાર ના રોજ હિમતનગર ધારસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા અને કોંગ્રેસ ના યુવાન અને મહિલા કાર્યકરો સુત્રોચ્ચાર સાથે બહુમાળી ભવન પહોચ્યા હતા અને તાલુકા ના મામલતદાર અરવિંદભાઈ પટેલ ને કાયદો રદ કરવા માટે આવેદન પત્ર આપ્યું હતું.

# બનાસકાંઠામાં વિધવા સહાય પેટે ૪.૬૨ કરોડની સહાયતા

## પાલનપુર, ડીસા, દિયોદર અને ભાભર તાલુકાના ૨૯૯૪ લાભાર્થીઓને સહાયતા : વિધાનસભામાં માહિતી અપાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત સરકાર દ્વારા પાલનપુર, ડીસા, દીયોદર અને ભાભર તાલુકામાં છેલ્લાં બે વર્ષ દરમિયાન વિધવા સહાય પેટે કુલ ૪.૬૨ કરોડની રકમ ૨૯૯૪ લાભાર્થીઓને ચૂકવવામાં આવી હોવાની વિગતો મહિલા અને બાલકલ્યાણ મંત્રી વસુમતીબેન ત્રિવેદીએ વિધાનસભા ગૃહને આપી હતી. વિધાનસભામાં પ્રશ્નોત્તરીકાળ દરમિયાન પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલ દ્વારા પુછવામાં આવેલા પ્રશ્નના લેખિત જવાબમાં મહિલા અને બાળકલ્યાણ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાદીઠ વિધવા સહાયની જે રકમ ચુકવવામાં આવી છે. તેમાં પાલનપુર તાલુકામાં ૧૫૭૫ લાભાર્થીઓને રૂા. ૨,૪૬,૫૫,૦૦૦, ડીસા તુલાકના ૧૧૨૯ લાભાર્થીઓને રૂા. ૧,૭૨,૫૧,૦૦૦, દિયોદર તાલુકાના ૧૪૩ લાભાર્થીઓને રૂા. ૨૦,૮૫,૦૦૦ તથા ભાભર તાલુકાના ૧૪૭ લાભાર્થીઓને રૂા. ૨૧,૭૫,૦૦૦ની રકમ સહાય પેટે ચુકવાઈ છે.

આ રીતે બે વર્ષ દરમિયાન કુલ ૨૯૯૪ વિધવા મહિલાઓને રૂા. ૪ કરોડ ૬૧ લાખ ૬૬ હજારની રકમ સહાય પેટે ચૂકવવામાં આવી છે.

## સિંચાઈનો કાયદો રદ કરવા પ્રાંતિજ કોંગ્રેસે મામલતદારને આવેદનપત્ર આપ્યું

પ્રાંતિજ, તા. ૧૫

ગુજરાત સરકાર દ્વારા સિંચાઈ માટે નવો કાયદો બનાવ્યો છે. આ કાયદાને ખેડૂત વિરોધી ગણાવી તેને રદ કરવા માટે આજે પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની આગેવાની હેઠળ મામલતદારને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું.

છેલ્લા કેટલાય વર્ષોથી અનિયમિત વરસાદ પડે છે. અને ખુબ ઉંડે જતા ભૂગર્ભ જળથી ખેડૂતો માંડ માંડ ખેતી કરી પોતાનું જીવન ગુજારી રહ્યા છે. ત્યારે સરકારે સિંચાઈ માટે બનાવેલો આ કાયદો ખેડૂતોના હિતમાં નથી. સિંચાઈના આ કાયદાને કાળો કાયદો પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહે ગણાવ્યો હતો અને અસંખ્ય કોંગ્રેસના કાર્યકર્તાઓ સહિત માર્કેટયાર્ડના ચેરમેન મણીભાઈ પટેલ, કાળુસિંહ, નરેન્દ્રભાઈ બિપિન પટેલ સાથે જઈ પ્રાંતિજ મામલતદારને આ કાયદો રદ કરવા આવેદનપત્ર આપ્યું હતું.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો રૂમ બંધ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૬૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન